# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

## ગુજરાતી વિભાગ

### **પ્રૂફ વાચન** (સર્ટિફિકેટ અભ્યાસક્રમ)

**અભ્યાસક્રમનું મહત્ત્વ :**

૧. કોઇપણ વિષય સાથે ધોરણ -૧૨ પાસ કર્યા પછીનો વિદ્યાર્થી આ કોર્ષમાં જોડાઇ શકે.

૨. આ કોર્ષમાં પ્રૂફ વાચન કેવી રીતે થાય છે? તેની ઝીણવટભરી સમજ આપી પ્રાયોગિક કાર્ય કરાવવામાં આવશે. પ્રાયોગિક કાર્યમાં તેને મુદ્રણ ઉદ્યોગમાં કયા કયા ક્ષેત્રમાં કાર્ય કરી શકાય અને કેવી રીતે ચીવટથી કામ કરવું તેની તાલીમ અપાશે.

૩. આ અભ્યાસક્રમમાં પ્રવેશ પામેલ વિદ્યાર્થીને અખબારી જગતમાં ખાસ કરીને પ્રિન્ટમિડિયામાં રોજગારીની તકો છે, પ્રકાશન ઉદ્યોગમાં પ્રૂફ રીડરોની ખૂબ અછત છે તેને ગુણવત્તા ધરાવતા પ્રૂફ રીડરો મળે અને ગુજરાતી ભાષાનું છાપકામ ક્ષતિ રહિત સામાન્ય લોકો સુધી પહોંચે તે આ અભ્યાસક્રમનો હેતુ છે.

૪. આ અભ્યાસક્રમ ગુજરાતી ભાષા સમૃદ્ધિ સંવર્ધનમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

૫. આ પ્રકારનો અભ્યાસક્રમ અખબાર, સામયિક, પુસ્તક પ્રકાશન વગેરે જેવા ક્ષેત્રોમાં મદદરૂપ થાય અને વિદ્યાર્થીના કારકિર્દી ઘડતરમાં ઉપયોગી નીવડશે.

૬. યુનિવર્સિટી માન્ય એવો આ સર્ટિફિકેટ અભ્યાસક્રમ વિદ્યાર્થીઓની વ્યવસાયલક્ષી ગુણવત્તાને વધુ સમૃદ્ધ બનાવે છે.

**નિયમો :**

૧. કોઇ પણ વિદ્યાશાખામાં ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ લીધેલ વિદ્યાર્થી આ અભ્યાસક્રમ માં જોડાઇ શકે.
(કુલ ૩૦ મેરીટ અનુસારના પસંદ કરાયેલા વિદ્યાર્થી.)

૨. આ અભ્યાસક્રમ વ્યવસાયલક્ષી હોવાને કારણે ગમે તે ઉંમરની રસ રુચિ ધરાવનાર વ્યકિતઓ જોડાઇ શકશે.

૩. આ અભ્યાસક્રમની સમય મર્યાદા છ માસની રહેશે.

૪. વિદ્યાર્થીઓની હાજરી અને પ્રાયોગિક કાર્ય તેમજ સત્રાંત કસોટીના આધારે પરિણામ બનાવવામાં આવશે.

૫. યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવેલ ફી વિદ્યાર્થીએ ભરવાની રહેશે.

૬. પાઠયક્રમનું શિક્ષણ વિભાગના અધ્યાપકો દ્વારા અને જરૂરી જણાય ત્યાં આમંત્રિત વ્યાખ્યાતાઓ દ્વારા આપવામાં આવશે.

## અભ્યાસક્રમ

**પ્રશ્નપત્ર : ૧** પ્રૂફ વાચન સંજ્ઞા - વિભાવના કુલ ૧૦૦ ગુણ

એકમ - ૧ પ્રૂફ વાચનનું મહત્ત્વ

એકમ - ૨ પ્રૂફ, પ્રૂફ વાચન અને પ્રૂફ રીડર

એકમ - ૩ પ્રૂફ વાચનની જરૂરિયાત

એકમ - ૪ પ્રૂફ વાચનના પ્રકારો

**પ્રશ્નપત્ર : ૨** કુલ ૧૦૦ ગુણ

એકમ - ૧ કોશ સ્વરૂપ અને પ્રયોજન

( કોશનું મહત્ત્વ, કોશના વિવિધ પ્રકાર, કોશ જોવાની પદ્ધતિ- અકારાદિક્રમે)

એકમ - ૨ ગુજરાતીમાં વિરામચિહ્નો, અનુસ્વાર સમજ સંદર્ભે સામાન્ય વિમર્શ.

એકમ - ૩ જોડણીના નિયમો

એકમ - ૪ સંધિ અને સમાસના નિયમો

**પ્રશ્નપત્ર : ૩** કુલ ૧૦૦ ગુણ

એકમ - ૧ મુદ્રણ અને હસ્તપ્રત લેખનની પૂર્વ સમજ.

એકમ - ૨ મુદ્રણપ્રતના ત્રણ ખંડોની ચર્ચા.

એકમ - ૩ પાદટીપ અને સંદર્ભ સૂચિની સમજ.

એકમ - ૪ પ્રૂફ વાચનનાં ચિહ્નોની ઓળખ અને સમજૂતી

**પ્રશ્નપત્ર : ૪** પ્રાયોગિક કાર્ય (પ્રોજેક્ટ કાર્ય) કુલ ૩૦૦ ગુણ

પ્રતિ સપ્તાહ બે કલાક પ્રૂફ વાચનનું પ્રાયોગિક કાર્ય.

**નોંધ :-** સપ્તાહમાં ૩ દિવસ પૈકી ૨ દિવસ બે કલાકનાં વ્યાખ્યાનો અને એક દિવસ બે કલાકનું પ્રાયોગિક કાર્ય રહેશે.

## સંદર્ભસૂચિ

૧. ગુજરાતી અને હિન્દી ભાષાનાં પ્રથમ માન્ય શબ્દકોશ - ભરત ઠાકોર - ફ્લેમિન્ગો  પબ્લિકેશન્શ

૨. ગુજરાતી ભાષા - ટી.એન.દવે

૩. ગુજરાતીમાં વિરામચિહ્નો - ચંદ્રકાન્ત શેઠ, મોહનભાઇ પટેલ

૪. જોડણી પ્રવેશ - રતિલાલ સાં. નાયક

૫. પ્રૂફ વાચન - રતિલાલ સાં. નાયક

૬. પ્રૂફરીડિંગ કેવી રીતે થાય છે ? - જિતેન્દ્ર દેસાઇ

૭. લેખન પદ્ધતિ અને પ્રૂફવાચન - રમેશ શુકલ

૮. લેખન માર્ગદર્શિની - યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,  અમદાવાદ

૯. લેખનશુદ્ધિ અને લઘુકોશ - રમેશ શુકલ

૧૦. સાર્થ ગૂજરાતી જોડણીકોશ -  ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

૧૧.  A Handbok  of  Proof  Reading - Dr. N.S.Mallhi

૧૨.  Practical  Proof  Reading -  Dr. N.S.Mallhi

---------0-------------